# BUSINESS મિત્ર

### રૂપિયો નવા તળિયેઃ રોકાણકારોએ રૂ. 66 હજાર કરોડની કમાણી કરી

# ગેપડાઉન ખુલ્યા બાદ સેન્સેક્સ 450 પોઇન્ટ રીકવર થયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** વૈશ્વિક નબળા સંકેતોની સાથે સતત એફઆઈઆઈનો આઉટફ્લો રૂપિયામાં વધુ કડાકાના લીધે શેરબજાર ગેપડાઉન ખુલ્યો હતો, પણ નીચલા સ્તરેથી શેરબજારમાં રીકવરી આવી હતી. જેમાં દિવસના નીચલા સ્તરેથી સેન્સેક્સ 450 પોઇન્ટ રીકવર થયો હતો પણ છેલ્લે નજીવા ઘટાડા સાથે સપાટ બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી 25900ની સપાટીએ પહોંચી ગઈ હતી, પણ છેલ્લે 26000 પોઇન્ટની સપાટી જાળવી રાખી હતી. જોકે, હજુય નિષ્ણાતો બજારની તેજી માટે પ્રશ્નાર્થ મુકી રહ્યા છે. જો અમેરિકા-ભારત ડીલ થઈ જાય તો બજારમાં નવેસરથી તેજી જોવા મળી શકે.

આજે ભારતીય રૂપિયો નવો નીચો પહોંચ્યો હતો, જે 80.80ના સ્તરની નવી વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. જેના લીધે કેટલાક સેક્ટરમાં દબાણ રહ્યું હતું. ઓટો, ફાર્મા અને હેલ્થકેર સેક્ટર ઘટયા હતા, જ્યારે મીડિયા, એફએમસીજી અને કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં સુધારો જોવાયો હતો. જોકે, સાપ્તાહિક ધોરણે વિદેશી હુંડીયામણમાં વધારો થયો છે, જેમાં સોનાનો ભંડાર વધ્યો છે.

### રૂપિયો તળિયે, 90.73ના સ્તરે

રૂપિયો વધુને વધુ નબળો પડી રહ્યો છે. સપ્તાહની શરૂઆત થતાની સાથે જ ડોલરે નવી ઉંચાઇ હાંસલ કરી હતી. આજે રૂપિયો તૂટીને 90.80ની નવી નીચલી સપાટી બનાવી હતી અને છેલ્લે 90.73ના સ્તરે બંધ રહ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 30 પૈસા તૂટ્યો હતો. જે ગત સેશનમાં 90.43ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 106.74, પાઉન્ડ 120.97, કેનેડિયન ડોલર 65.74, ઓસ્ટ્રેલિયન ડોલર 59.87, જાપાનીઝ યેન 0.5855 અને સીંગાપોર ડોલર 70.33ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 90.73 રૂ. |
| યુરો | 106.74 રૂ. |
| પાઉન્ડ | 120.97 રૂ. |
| યેન | 0.5854 રૂ. |

બીએસઈ સેન્સેક્સ 54.30 પોઇન્ટ એટલે કે 0.06 ટકા ઘટીને 85213.36 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85278 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84840 પોઇન્ટ સઉધી ઘટ્યો હતો. નિફ્ટી 19.65 પોઇન્ટ એટલે કે 0.08 ટકા ઘટીને 26027.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે શરૂઆતમાં ગેપડાઉન ઓપનીંગમાં નિફ્ટી 26000 પોઇન્ટની સપાટી તોડી હતી, જે ઘટીને 25904 પોઇન્ટ સુધી ઘટી હતી, જ્યારે નિફ્ટી ઉપરમાં 26047 પોઇન્ટના સ્તર સુધી ઉછળી હતી. બેન્ક નિફ્ટી 71.85 પોઇન્ટ એટલે કે 0.12 ટકા સુધરીને 59461.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 59500 પોઇન્ટની સપાટી કુદાવી હતી.

બીએસઈ ખાતે નુવોકો વિસ્ટાસ કોર્પોરેશન 12.83 ગણા, કેઈસી ઈન્ટરનેશનલ 6.94 ગણા, પીવીઆર આઈનોક્સ 3.22 ગણા, આરતી ઈન્ડ. 3.14 ગણા, ગો ડિજીટ જનરલ ઈન્સ્યોરેન્સ 1.99 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે નુવોકો વિસ્ટસ કોર્પોરેશન 22.25 ગણા, આરતી ઈન્ડ. 16.54 ગણા, પ્રાજ ઈન્ડ. 13.78 ગણા, એકસશન કન્સ્ટ્રકશન8.65 ગણા અને પીવીઆર આઈનોક્સ 8.34 ગણા કામકાજ નોંધાયા છે.

નિફ્ટી ઓટો ઈન્ડેકસ 0.95 ટકા ઘટ્યો હતો. છેલ્લા બે સતત ટ્રેડિંગ સત્રોમાં ઈન્ડેકસ 1.69 ટકા વધ્યો હતો. જેમાં મહિન્દ્રા-મહિન્દ્રા, આઈશર મોટર, ભારત ફોર્જ, સોના બીએલડબલ્યુ, સંવર્ધન મધરસન, બજાજ ઓટો, બોશ, યુનો મિન્ડા, મારૂતિ સુઝુકી અને ટીવીએસ મોટર ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે રોકાણકારોએ યુરોપિયન સેન્ટ્રલ બેન્કની વર્ષની અંતિમ નીતિ બેઠક પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હોવાથી યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા હતા. આજે યુએસ વાયદાના બચારો સુધારા સાથે ચાલી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેતોની બજારને પોઝિટિવ અસર છે. જોકે, જાપાનની સેન્ટ્રલ બેન્ક 25 બેસીસ પોઇન્ટ વ્યાજદરમાં વધારો કરે તેવી સંભાવના છે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે મેક્રો ઈકોનોમી ડેટા ઉપર પણ રોકાણકારોની નજર મંડરાયેલી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.93 ટકા, કેક 1.09 ટકા અને ડેક્સ 0.48 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં નીક્કી 1.19 ટકા, હેંગસેંગ 1.48 ટકા, તાઈવાન 1.19 ટકા, કોસ્પી 1.87 ટકા, જકાર્તા 0.13 ટકા અને શાંઘાઈ 0.55 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા, જ્યારે સ્ટ્રેઈટસ 0.06 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -54.30 | 85213.36 |
| નિફ્ટી | -19.65 | 26027.30 |
| બેન્ક નિફ્ટી | 71.85 | 59461.80 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ટરગ્લોબ એવીએશન | 2.16 | 4965.50 |
| એચયુએલ | 1.46 | 2293.50 |
| શ્રીરામ ફાઇનાન્સ | 0.87 | 855.35 |
| ટ્રેન્ટ | 0.82 | 4109.00 |
| ટાટા કન્ઝ્યુમર | 0.70 | 1157.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.95 | 3608.00 |
| આઇશર મોટર | 1.49 | 7121.50 |
| ઓએનજીસી | 1.19 | 235.35 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 0.95 | 1114.80 |
| બજાજ ઓટો | 0.83 | 8940.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચયુએલ | 1.37 | 2292.00 |
| ટ્રેન્ટ | 0.79 | 4105.25 |
| એચસીએલ ટેકનો | 0.68 | 1683.80 |
| એશિયન પેઇન્ટસ | 0.53 | 2780.20 |
| ટાટા સ્ટીલ | 0.52 | 172.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.94 | 3607.55 |
| મારૂતિ સુઝુકી | 0.89 | 16374.25 |
| અદાણી પોર્ટસ | 0.81 | 1510.00 |
| બજાજ ફિનસર્વ | 0.75 | 2070.40 |
| એચડીએફસી બેન્ક | .54 | 994.60 |

# ભારત 2026માં એશિયા-પેસિફિક ક્ષેત્રનું ગ્રોથ એન્જિન બનશે

**વૈશ્વિક** પડકારો છતાં આ તીવ્ર વૃદ્ધિ દેશની અંદર મજબૂત સ્થાનિક માગને કારણે થશે

**નવી દિલ્હી, તા. 15:** આગામી વર્ષ 2026માં ભારત એશિયા-પેસિફિક ક્ષેત્રની મુખ્ય અર્થવ્યવસ્થાઓમાં મોખરે રહેશે. ભારતનો જીડીપી ગ્રોથ 6.6 ટકાના દરે રહેવાનું અનુમાન છે, જ્યારે મોંઘવારી 4.2 ટકાની આસપાસ રહેવાની ધારણા છે.

માસ્ટરકાર્ડ ઈકોનોમિક્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા જાહેર કરવામાં આવેલા વાર્ષિક આર્થિક આઉટલુક અનુસાર, આ તીવ્ર વૃદ્ધિ દેશની અંદર મજબૂત સ્થાનિક માંગને કારણે થશે, જેને સરકારના સરળ વ્યાજ દરો, ટેક્સ સુધારાઓ, જીએસટીમાં ફેરફાર અને વિશ્વભરમાં કોમોડિટીના ભાવમાં ઘટાડો દ્વારા ટેકો મળશે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતની યુવા વસ્તી, ડિજિટલ ટેક્નોલોજીનો ઝડપી ઉપયોગ અને નવી તકનીકોનો વિકાસ ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનો એક બનાવે છે. તેનાથી નાના શહેરો અને આઈટી હબમાં રોજગાર અને વૃદ્ધિમાં વધારો થશે.

પ્રવાસન ભારતની અર્થવ્યવસ્થાને પણ મજબૂત કરી રહ્યું છે. ગોવા, ઋષિકેશ અને અમૃતસર જેવા સ્થળોની મુલાકાત લેતા પ્રવાસીઓથી સ્થાનિક લોકો અને નાના વેપારીઓને ફાયદો થઈ રહ્યો છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારત એઆઈને ઝડપથી અપનાવી રહ્યું છે અને એઆઇ ઉત્સાહ સૂચકાંકમાં તેને 8નો સ્કોર મળ્યો છે, જે કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો કરશે.

વૈશ્વિક સ્તરે, આર્થિક વૃદ્ધિ 2026 માં 3.1 ટકા રહેવાનો અંદાજ છે, જે 2025માં 3.2 ટકા કરતા થોડો ઓછો છે. તેમ છતાં એઆઇ અને સરકારી ખર્ચ જેવી નવી તકનીકીઓ વિકાસમાં મદદ કરશે, દરેક દેશને સમાન લાભ મળશે નહીં.

માસ્ટરકાર્ડના એશિયા પેસિફિક ક્ષેત્રના મુખ્ય અર્થશાસ્ત્રી ડેવિડ માને જણાવ્યું હતું કે, વૈશ્વિક વેપારમાં તેની કેન્દ્રીય ભૂમિકા જાળવી રાખીને, એશિયા-પેસિફિક ક્ષેત્રએ એવા સમયે નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવી છે જ્યારે ટેરિફની અનિશ્ચિતતા અને બદલાતી સપ્લાય ચેઈન આંતરરાષ્ટ્રીય વાણિજ્યને વિક્ષેપિત કરવાની ધમકી આપે છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વેપારમાં ફેરફાર અને નવા પડકારો હોવા છતાં, એશિયા-પેસિફિક ક્ષેત્ર વૈશ્વિક વેપારમાં મજબૂત છે. ભારત, આસિયાન દેશો અને ચીન સપ્લાય ચેઈનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

# બિટકોઈનની કિંમત 90000 ડોલરની નીચે સરકી

**બેંક** ઓફ જાપાનની નાણાકીય નીતિમાં કડક બનવાની અપેક્ષાએ બિટકોઇનના ભાવ તૂટયા

**નવી દિલ્હી, તા. 15:** 15 ડિસેમ્બરે બિટકોઈન 89608 ડોલર પર પહોંચ્યો હતો. છેલ્લા 24 કલાકમાં અડધા ટકાથી ઘટાડો દર્શાવે છે. આનાથી બિટકોઈનનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 130 અબજ ડોલરથી ઘટીને 2.98 ટ્રિલિયન ડોલર થયું છે. આજે સવારે બિટકોઈન એક તબક્કે ઘટીને 879996 ડોલર થઈ ગયું હતું.

નિષ્ણાતોનું જણાવવું છે કે, લગભગ 1.16 લાખ ટ્રેડને લિક્વિડેટ કરવામાં આવ્યા છે, જેના પરિણામે 295 મિલિયન ડોલરથી વધુનું નુકસાન થયું છે. બિટકોઈન 87500થી 91000 ડોલરની વચ્ચે રહ્યું છે, જે નબળાઈની નિશાની છે. ઈથેરિયમ 2900થી 3180 ડોલરની વચ્ચે બોલાતો હતો. તે તેની ઓલટાઈમ હાઈથી લગભગ 37.5 ટકા નીચે છે.

અન્ય ક્રિપ્ટો ટોકન્સમાં પણ વધઘટ જોવા મળી છે. છેલ્લા 24 કલાકમાં ઈથેરિયમ 0.23 ટકા, એડીએ 0.73 ટકા, એસઓએલ 0.21 ટકા, એક્સઆરપી 0.82 ટકા અને બીએનપી 0.50 ટકા ઘટ્યો છે. સેહગલે જણાવ્યું હતું કે બિટકોઈન 90000 ડોલરનું સ્તર જાળવવામાં નિષ્ફળ ગયું છે. બેંક ઓફ જાપાનની નાણાકીય નીતિમાં કડક બનવાની અપેક્ષામાં આનો હાથ હોઈ શકે છે. સામાન્ય રીતે, આ વૈશ્વિક પ્રવાહિતા ઘટાડે છે અને જોખમ સંપત્તિ પર દબાણ વધારે છે.

2024થી, જ્યારે પણ બેંક ઓફ જાપાને વ્યાજ દરમાં વધારો કર્યો છે, ત્યારે બિટકોઈનમાં 20-30 ટકાનો ઘટાડો થયો છે. વેપારીઓ ફરી એકવાર સાવચેતી રાખી રહ્યા છે. છેલ્લા 2A4 કલાકમાં બજારમાં 1.01 ટકાનો ઘટાડો થયો છે. એક મહિનામાં 4.83 ટકાનો ઘટાડો થયો છે.

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૭૭૫૦ |
| તેજાબી સોનું | ૧૩૭૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૦૮૬૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૪૯૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૭૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૯૯૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૦૫૦૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૩ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૧૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૦૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૬૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૦ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૨૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૧૮ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૬ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |

### ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અંગે અનિશ્ચિતતા અને

# એફઆઇઆઇની વેચવાલીથી રૂપિયામાં દબાણ વધ્યું

**રૂપિયો** વધુને વધુ ઘટતો રહેશે, 92 તરફ આગેકૂચ કરતો જોવા મળશે: નિષ્ણાતો

**મુંબઈ, તા. 15:** રૂપિયો સતત ઘટી રહ્યો છે, સપ્તાહની શરૂઆતમાં ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે 26 પૈસા ઘટીને 90.75ની વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો હતો. ભારત અને અમેરિકા ટ્રેડ ડીલ અંગે અનિશ્ચિતતા અને વિદેશી રોકાણકારો દ્વારા સતત વેચાણને કારણે રૂપિયા પર દબાણ જાળવ્યું હતું.

ફોરેક્સ માર્કેટના નિષ્ણાતોના જણાવ્યા મુજબ ટ્રેડ એગ્રીમેન્ટમાં વિલંબને કારણે રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું પડ્યું છે, જેની સીધી અસર રૂપિયા પર પડે છે. વધુમાં, બજારમાં પ્રવર્તતા જોખમ અવગમન સેન્ટિમેન્ટ, આયાતકારો તરફથી યુએસ ડોલરની મજબૂત માંગને કારણે રૂપિયા પર વધુ દબાણ આવ્યું છે.

ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો અમેરિકન ડોલર સામે 90.53ના સ્તર પર ખુલ્યો હતો, ત્યારબાદ નબળો પડ્યો હતો અને અગાઉના બંધ કરતા 26 પૈસાનો ઘટાડો નોંધાવીને 90.75ની વિક્રમી ઈન્ટર-ડે નીચી સપાટીએ પહોંચ્યો હતો. શુક્રવારે અમેરિકન ચલણ સામે રૂપિયો 17 પૈસા ઘટીને 90.49ની ઓલટાઈમ નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર એલએલપીના હેડ ઓફ ટ્રેઝરી અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનિલ કુમાર ભણસાલીએ જણાવ્યું હતું કે આગામી સપોર્ટ લેવલ 90.80 પર છે, જે પછી આપણે 91થી 92 તરફ ક્રોસઓવર જોઈ શકીએ છીએ. આરબીઆઈએ સ્પષ્ટપણે બજારને કિંમત નક્કી કરવા દીધી છે અને અતિશય અસ્થિરતાને નિયંત્રિત કરવા માટે જ હસ્તક્ષેપ કર્યો છે.

# ફિલ્મમાં પાકિસ્તાનની ગુનાખોરીનો બિહામણો ચહેરો બેનકાબ કરવામાં આવ્યો છે



**ધુ પોઇન્ટ — સમકિત શાહ**

ધુરંધર ફિલ્મમાં અક્ષય ખન્નાએ પાકિસ્તાનના રહેમાન ડાકુની ભૂમિકા ભજવી છે, જેની ચર્ચા આ સમયે દરેક જગ્યાએ થઈ રહી છે.રહેમાન ડાકુની છેલ્લી વખત ૧૮ જૂન, ૨૦૦૬ના રોજ ક્વેટામાં ધરપકડ કરવામાં આવી હતી. જો કે, આ ધરપકડનો ક્યારેય સત્તાવાર રીતે ખુલાસો કરવામાં આવ્યો ન હતો. આ સમય દરમિયાન, રહેમાન બલોચે પોતે તપાસ અધિકારીઓ સમક્ષ કબૂલ્યું કે તે તેની માતાની હત્યા સહિત ૭૯ ઘટનાઓમાં સામેલ હતો. રહેમાન બલોચ પરનો તપાસ અહેવાલ એક અત્યંત ગુપ્ત સરકારી દસ્તાવેજ હતો, જે ફક્ત તેના ગુનાઓનો પર્દાફાશ જ કરતો નથી, પરંતુ રાજકારણ અને ગુનાખોરી વચ્ચેના ઘૃણાસ્પદ જોડાણને પણ છતું કરે છે.

આ રિપોર્ટમાં ૧૩ વર્ષની ઉંમરે ગુનાહિત કારકિર્દી શરૂ કરનાર રહેમાન બલોચ કેવી રીતે અંડરવર્લ્ડ ડોન બન્યો અને તેણે કેવી રીતે અગ્રણી રાજકારણીઓ, વંશીય જૂથો અને ઉદ્યોગપતિઓ સાથે સંબંધો કેળવ્યા તેની વિગતો આપવામાં આવી છે. કરાંચી બંદર બંને બાજુએ અલગ અલગ દુનિયાથી ઘેરાયેલું છે. એક તરફ મૌલવી તમિઝુદ્દીન ખાન રોડ અને બીજી તરફ એમએ જિન્નાહ રોડ છે. મૌલવી તમિઝુદ્દીન ખાન રોડ પાર કરતાં શહેરની સૌથી ધનિક વસ્તી અને સૌથી મોંઘાં મનોરંજન સ્થળો મળશે. આ બંદરની બીજી બાજુ, એમ.એ. જિન્નાહ રોડ પાછળ, લ્યારી આવેલું છે, જે ગુનાઓનું કેન્દ્ર છે, જે ગરીબી અને બેરોજગારીમાંથી જન્મેલું છે. કરાંચીની સૌથી જૂની પણ સૌથી ગરીબ ઝૂંપડપટ્ટીઓ શહેરના દક્ષિણથી પશ્ચિમ ભાગ સુધી ફેલાયેલી છે, જ્યાં એક વિશાળ ગુનાહિત સામ્રાજ્ય ખીલી ઊઠ્યું છે. રસપ્રદ વાત એ છે કે આ જ લ્યારી વિસ્તારમાંથી ઝુલ્ફિકાર અલી ભુટ્ટો અને તેમની પુત્રી બેનઝીર ભુટ્ટો નીકળ્યાં હતાં, જેઓ પાકિસ્તાનનાં વડાં પ્રધાનપદે પહોંચ્યાં હતાં, જ્યારે બાબુ ડાકુ અને રહેમાન બલોચ ગુનાની દુનિયામાં ટોચ પર પહોંચ્યા હતા. આ એક એવા ખૂંખાર ડાકુની વાર્તા છે, જેણે શહેરના એક પછાત વિસ્તારમાં આંખો ખોલી હતી, પરંતુ લ્યારી ગેંગના આ માફિયા ડોનની માત્ર પોલીસ અને સેનાની ગુપ્તચર એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ સુધી જ નહીં, પરંતુ પાકિસ્તાન જેવા દેશના રાષ્ટ્રપતિ સુધી પણ પહોંચ હતી. ભારતની જેમ પાકિસ્તાનમાં પણ રાજકારણ અને ગુનાખોરી સાથે મળીને આગળ ચાલતાં હોય છે.

પાકિસ્તાની સરકારી દસ્તાવેજો અનુસાર, અબ્દુલ રહેમાન અથવા રહેમાન દકાતનો જન્મ ૧૯૭૬માં દાદલ મોહમ્મદને ત્યાં થયો હતો. રહેમાનની માતા દાદલની બીજી પત્ની હતી. રહેમાનના એક પિતરાઈ ભાઈએ કહ્યું કે રહેમાનના પિતાના ચાર ભાઈઓ હતાઃ દાદ મોહમ્મદ (દાદલ), શેર મોહમ્મદ (શેરુ), બેક મોહમ્મદ(બેકલ)અને તાજ મોહમ્મદ. દાદલે લ્યારીમાં ઘણાં કલ્યાણકારી કાર્યો પણ કર્યાં હતાં. તેમણે બાળકો માટે પુસ્તકાલય, પુખ્ત વયનાં લોકો માટે ઈદગાહ, મહિલાઓ માટે સીવણ અને ભરતકામ કેન્દ્ર અને યુવાનો માટે બોક્સિંગ ક્લબ બનાવી હતી. પરંતુ તપાસ દસ્તાવેજો અને પોલીસ, સેના અને ગુપ્તચર એજન્સીઓના અધિકારીઓ કંઈક અલગ જ વાર્તા કહે છે. કરાંચીના એક ભૂતપૂર્વ પોલીસ વડાએ કહ્યું કે દાદલ અને તેનો ભાઈ શેરુ બંને ડ્રગ્સના વેપારમાં સામેલ હતા. પોલીસ રેકોર્ડ મુજબ, શેરુ પણ એક હિસ્ટ્રીશીટર હતો.

પરંતુ શેરુ દાદલ લ્યારીમાં ડ્રગ્સના વેપાર કે અન્ય ગુનાઓનો એકમાત્ર માસ્ટરમાઇન્ડ નહોતો. ઇકબાલ, ઉર્ફે બાબુ ડાકુની ગેંગ, નજીકના કાલરી વિસ્તારમાં એક મોટું ડ્રગ નેટવર્ક પણ ચલાવતી હતી અને હાજી લાલુની ગેંગ જહાનાબાદ, શેરશાહ કબ્રસ્તાન અને પુરાણા ગોલીમાર જેવા વિસ્તારોમાં ખંડણી, ડ્રગ્સની હેરાફેરી અને ખંડણી રેકેટ ચલાવતી હતી. લ્યારીના ભૂતપૂર્વ પોલીસ અધિક્ષક ફૈયાઝ ખાને જણાવ્યું હતું કે એક જ વ્યવસાયમાં સંકળાયેલી ઘણી ગેંગ વચ્ચે વ્યાવસાયિક હરીફાઈ હતી. આ ગેંગ વચ્ચેના સંઘર્ષો ઘણી વાર લોહિયાળ અથડામણમાં પરિણમતા હતા. આવી જ એક અથડામણમાં રહેમાન બલોચના કાકા તાજ મોહમ્મદ હરીફ ગેંગના સભ્ય બાબુ ડાકુ દ્વારા માર્યા ગયા હતા. પછી રહેમાને બે ભાઈઓ, રૌફ નાઝીમ અને આરિફ સાથે મિત્રતા કરી, જેમના પિતા, હસન ઉર્ફે હસનૂક પણ ડ્રગ્સના વેપારમાં સામેલ હતા. ડ્રગ્સ અને ગુનામાં પૃષ્ઠભૂમિ ધરાવતા આ બધા યુવાનોની મિત્રતા ધીમે ધીમે એક ગુનાહિત ગેંગમાં વિકસતી ગઈ, જેનું નેતૃત્વ આરિફ નાઝીમ કરી રહ્યો હતો. રહેમાન પાછળથી લીડર બન્યો, પરંતુ મૂળ તો તે આરિફની ગેંગ હતી.

કરાંચી પોલીસના રેકોર્ડ મુજબ, ૧૩ વર્ષની ઉંમરે રહેમાને ૬ નવેમ્બર, ૧૯૮૯ના રોજ કાલાકોટમાં હાજી પિક્ચર રોડ પર ગુલામ હુસૈનની દુકાન પાસે ફટાકડા ફોડવાનો ઇનકાર કરતાં મોહમ્મદ બખ્શ નામના વ્યક્તિને છરી મારીને ઘાયલ કરી દીધો હતો. ગુના તરફ રહેમાનનું આ પહેલું પગલું હતું. ૧૯૯૨માં, રહેમાનનો નદીમ અમીન અને તેના સાથી નજ્જુ સાથે ઝઘડો થયો હતો, જેઓ ડ્રગ સપ્લાયર હતા. નદીમ અમીન પણ એક હિસ્ટ્રીશીટર હતો અને તેની સામે લગભગ ૩૦ કેસ નોંધાયેલા હતા. રહેમાન અને આરિફે નદીમ અને નજ્જુ બંનેની ગોળી મારીને હત્યા કરી હતી.

રહેમાનની આ પહેલી હત્યા હતી. ૧૯૮૮માં રહેમાનના પિતરાઈ ભાઈ ફતેહ મોહમ્મદ બલોચની રશીદ મિન્હાસ રોડ પર આવેલા દાલમિયા વિસ્તારમાં જમીન વિવાદમાં હત્યા કરવામાં આવી હતી. લ્યારીના સાંગો લેનના સુલેમાન બિરોહીના પુત્ર ગફુર પર હત્યાનો આરોપ હતો.

લાલુના પરિવારે આ બદલામાં રહેમાનના પરિવારને નોંધપાત્ર ટેકો આપ્યો હતો. જ્યારે બાબુ ડાકુ દ્વારા તેના કાકા તાજ મોહમ્મદની હત્યા કરવામાં આવી ત્યારે લાલુએ રહેમાનને પોતાના રક્ષણ હેઠળ લીધો હતો. હાજી લાલુ એક અંડરવર્લ્ડ ડોન હતો. લ્યારીમાં ગમે તે ગુનો થયો હોય, લાલુ વિના તે શક્ય ન હતું. રહેમાન જે કંઈ પણ બન્યો તેમાં લાલુના આશ્રયદાતાએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. લાલુએ રહેમાનનું રક્ષણ કર્યું કારણ કે ડાકુના ધંધામાં બાબુ લાલુનો દુશ્મન હતો અને લાલુને બાબુનો સામનો કરવા માટે યુવાન અને હિંમતવાન સાથીઓની જરૂર હતી. જ્યારે રહેમાનની યુવા ગેંગ દ્વારા ગુનાઓ વધવા લાગ્યા, ત્યારે વધતા દબાણ હેઠળ પોલીસે ગેંગને ખતમ કરવાની યોજના બનાવી. ૧૮ ફેબ્રુઆરી, ૧૯૯૫ ના રોજ આરિફ અને રહેમાન તેમના સાથીઓ સાથે ઉસ્માનાબાદ મિલ્સ વિસ્તારમાં એક ખાલી પાક પાઇપ મિલ્સ બિલ્ડિંગમાં હતા ત્યારે પોલીસે તેમને ઘેરી લીધા હતા. પોલીસ ગોળીબારમાં આરિફનું મોત થયું હતું, પરંતુ રહેમાન દિવાલ કૂદીને ભાગી ગયો હતો. સત્તાવાર રિપોર્ટમાં રહેમાને પણ આ ઘટનાની કબૂલાત કરી હતી.

આ ઘટનાના થોડા મહિના પછી, રહેમાને ૧૮ મે ૧૯૯૫ના રોજ કાલાકોટ પોલીસ સ્ટેશનની હદમાં તેની માતા ખાદીજા બીબીની પણ હત્યા કરી દીધી. રહેમાને અધિકારીઓને જણાવ્યું કે તેણે તેની માતાને તેના જ ઘરમાં ગોળી મારી હતી. તેને શંકા હતી કે તેની માતા પોલીસ બાતમીદાર બની ગઈ છે. હત્યાનું વાસ્તવિક કારણ રહેમાનને તેની માતાના ચારિત્ર્ય પર શંકા હતી અને તેણે તેની માતાની હત્યા હરીફ ગેંગના સભ્ય સાથેના સંબંધોને કારણે કરી હતી. સરકારી રેકોર્ડ મુજબ, ૧૯૯૫માં, અર્ધ લશ્કરી રેન્જર્સે ગેરકાયદેસર શસ્ત્રો અને ડ્રગ્સ રાખવાના આરોપસર રહેમાનની ગોળીબારમાં ધરપકડ કરી હતી. રહેમાને આ કેસમાં અઢી વર્ષ જેલમાં વિતાવ્યા હતા.

અંગ્રેજી અખબારો ડોન અને ધ નેશને સરકારી પ્રકાશનને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે રહેમાન ડાકુ અને તેના ત્રણ સાથીઓ પોલીસ સાથેની અથડામણમાં માર્યા ગયા હતા. સરકારી રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે પોલીસે રહેમાન ડાકુની કાર રોકવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ જ્યારે આરોપી ભાગી ગયો ત્યારે પોલીસે ગોળીબાર કરવાની ફરજ પડી હતી. આ પોલીસ એન્કાઉન્ટરને કોર્ટમાં પડકારવામાં આવ્યું હતું. ડોન અખબારના ૧૪ ઓક્ટોબર, ૨૦૦૯ના રોજ અહેવાલ મુજબ રહેમાનની વિધવા ફરઝાનાએ તેમના વકીલો અબ્દુલ મુજીબ પીરઝાદા અને સૈયદ ખાલિદ શાહ દ્વારા સિંધ હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સરમદ જલાલ ઉસ્માની સમક્ષ અરજી દાખલ કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમના પતિને નકલી એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવ્યો છે.

કોર્ટે રાજ્યના ગૃહ સચિવ તેમજ કરાંચી પોલીસને સમન્સ પાઠવ્યા હતા, પરંતુ રહેમાનના પરિવારનાં લોકો હજુ પણ કેસના ચુકાદાની રાહ જોઈ રહ્યા છે. ધુરંધર ફિલ્મમાં પાકિસ્તાનની અસલિયત છતી થઈ હોવાથી પાકિસ્તાનમાં તેનો વિરોધ થઈ રહ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અંગ્રેજી અખબારો ડોન અને ધ નેશને સરકારી પ્રકાશનને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે રહેમાન ડાકુ અને તેના ત્રણ સાથીઓ પોલીસ સાથેની અથડામણમાં માર્યા ગયા હતા**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી મંગળવાર, શુક્રવાર, રવિવાર હવે શબ્દ દીઠ ₹૯ +(GST) ઓછામાં ઓછા ૧૨ શબ્દો : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**કબુતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**જમીન પુરાણ માટેનો** મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**PRESIDENT PEST CONROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD** LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**લાઈફ હિંચકાના કડાં,** અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા** કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**વ્યસન છોડાવા ઘરે** પાવડર- ટીપા અજમાવ્યા ? નશો ન છૂટયો ? અમને ચાન્સ આપો, અમે છોડાવીશું, સેકન્ડ ચાન્સ રિહેબ. સુરત. સાચી સારવાર. 9978071218

**ઓમશિવ ટ્રાવેલ્સ** 17 રાત્રે, દ્વારકા, સોમનાથ, વિરપૂર, ચોટીલા, 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) 24- રાત્રે, (ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (રણઉત્સવ, કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ) ખરવરશેરી, ભાગળ, સુરત. -9537838949, 9327199997

**હોમાત્મક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ** 99987 87143

નોકરી વિષયક

**દાંતના દવાખાના માટે** જોઈએ છે (૧) ડેન્ટલ આસિસ્ટન્ટ (પાર્ટ ટાઈમ) (૨) ફોર વ્હીલ ડ્રાઈવર. વાઈટલ ડેન્ટ કેર, ભટાર રોડ. મળવાનો સમય સાંજે ૭ વાગ્યે Mo. 9898359719 (689)

**પ્રીમિયમ કોમર્શિયલ પ્રોપર્ટી ભાડેથી / વેચાણથી** • વરાછા રોડ : હીરાબાગ સર્કલ, મંગલદિપ કોમ્પલેક્ષ, પહેલે માળે ૫૨૮૦ સ્કે. ફીટ કારપેટ. હોસ્પિટલ, કોર્પોરેટ ઓફીસને લાયક. દલાલ આવકાર્ય. 93138-06341

**પ્રિન્ટીંગના મશીન** કામ માટે માણસો જોઈએ છે કમ્પ્યુટર આવડવું હોવું જોઈએ, ઉંમર 20 થી 25 વર્ષ 6353685196 ઘોડદોડ રોડ સુરત.

**પેટ્રોલ પંપ પર કામ** કરવા માટે છોકરાઓ/ છોકરીઓ જોઈએ છે ગજાનન પેટ્રોલિયમ, કતારગામ, સુરત. મો.9157675490, 7041801379 (688)

**TAX Advocateની** ઓફિસ માટે કોમ્પ્યુટર જાણકાર FEMALE / MALE કૈલાસનગર, સગરામપુરા, સુરત. મો.9173713932

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં** 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત ભાડેથી

**સચિન હોજીવાલા** થી નજીક વેરહાઉસ ભાડે આપવાનૂ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો.. 9924441820

મિલ્કત વેચવાની છે

**5 BHK Independent** બંગલો વિશ્વકર્મા સોસાયટી, બિલીમોરામાં વેચવાનો છે. ગૌહરબાગમાં પ્લોટ 2000 બાંધકામ 4000 Sqft. 1.11 બજેટ 7698221583 (690)

**મકાન વેચવાનું** નવું બાંધકામ ત્રણ માળ આસપાસ મંદિર 32 લાખ મયુર - 8488968543

લગ્ન વિષયક

**સુરત રહેતી 33 વર્ષની** બ્રાહ્મણ Doctor યુવતી માટે Educated યુવક આવકાર્ય 9512318416

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.